# શ્યામલ નજીક મોલ પાર્કિંગમાં ભીષણ આગ

શહેરના શ્યામલ ચાર રસ્તા પર આવેલા ટાઈટેનિયમ સીટી સેન્ટરના બેઝમેન્ટમાં આજે બપોરે અચાનક ભીષણ આગ લાગી હતી. આ ઘટના બનતા આખા મોલમાં દોડધામ મચી જવા પામી હતી અને તમામ દુકાનો બંધ કરી દેવાઈ હતી. આ ઘટનાની જાણ ફાયરબ્રિગેડને કરતાં તાબડતોડ ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા અને સતત પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવાની કામગીરી શરૂ કરી હતી. આ ઘટનામાં ચાર વ્યક્તિઓ ફસાયા હતા તેમને ફાયરના જવાનો દ્વારા સલામતથી બહાર કાઢવામાં આવ્યા હતા. કલાકોના જહેમત બાદ ફાયરના જવાનોએ આગને કાબુમાં લીધી હતી. આ ઘટનાની જાણ આનંદનગર પોલીસને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા અને તપાસ શરૂ કરી હતી. આ ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી. હજુ સુધી આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા મળ્યું ન હતું. ફાયરબ્રિગેડના સુત્રો મુજબ, શ્યામલ ચાર રસ્તા પર આવેલા ટાઈટેનિયમ સીટી સેન્ટરના બેઝમેન્ટમાં આજે ૫:૩૦ વાગ્યાની સુમારે અચાનક આગ લાગી હતી. આ ઘટના બનતા આખા મોલમાં દોડધામ મચી જવા પામી હતી અને ભય પ્રસરી જવા પામી હતી. આગને પગલે તમામ દુકાનોને બંધ કરી દેવાઈ હતી.


વટવા માર્ગ પર આવેલી ખારીકટ કેનાલ હાલમાં સુકાઈ ગઈ છે. સૂકાયેલા પાંદડાઓથી ભરાયેલી કેનાલ ભેંકાર લાગે છે... કેનાલમાં ક્યારે પાણી વહેતું થશે એની નાગરિકો રાહ જોઈ રહ્યા છે.

# ૨૦ મુદ્દા અમલીકરણમાં ગુજરાત અગ્રેસર

## ગુજરાત નિર્ધારિત લક્ષ્યાંક કરતા પણ આગળ : જાહેર વિતરણ, રસીકરણ, આંગણવાડી, ગ્રામીણ રસ્તા નિર્માણ, સંસ્થાકીય પ્રસુતિ કામગીરીમાં ૧૦૦ ટકા સિદ્ધિ

અમદાવાદ, તા.૩૦

ગતિશીલ ગુજરાતના પ્રણેતા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વમાં વીસ મુદ્દા અમલીકરણ ક્ષેત્રે ગુજરાત દેશભરમાં સતત અગ્રેસર રહ્યું છે. વીસ મુદ્દા કાર્યક્રમ અમલીકરણ સંદર્ભે ગુજરાતે મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત રોજગારી સર્જન દ્વારા રૂ. ૩૦૬ કરોડનું ચુકવણુ જરૂરતમંદોને કર્યું છે. નવા સખીમંડળોના નિર્માણ ક્ષેત્રે ગુજરાતે ૧૮૦ ટકા સિદ્ધિ મેળવી છે. આ જ રીતે રીવોલ્વીંગ ફંડ માટે પ્રોત્સાહિત કરવાનાં કિસ્સામાં ૨૦૧ ટકા અને કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ આપવાના કિસ્સામાં ૧૮૧ ટકા સિદ્ધિ ગુજરાતે હાંસલ કરી છે. અંત્યોદય અન્ન યોજનામાં ૧૦૦ ટકા સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. જ્યારે જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા એપીએલ, બીપીએલ અને અંત્યોદય પરિવારોને અનાજના વિતરણ દ્વારા ૯૭ ટકા સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. જેમાં ૧૦૦ ટકાથી વધુ લક્ષ્ય સિદ્ધિ માટે સઘન કામગીરીનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ઈન્દિરા આવાસ ફાળવણીમાં ૧૯૦ ટકા, શહેરી આવાસ નિર્માણમાં ૧૦૩ ટકા અને ગ્રામીણ આવાસ નિર્માણ ક્ષેત્રે ૧૩૦ ટકાની સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. આ ત્રિમાસિક ગાળા દરમિયાન નિયમિતપણે ચાલતા રસીકરણ કાર્યક્રમ અંતર્ગત ૯૧ ટકા સિદ્ધિ હાંસલ કરવામાં આવી હતી. જેને ૧૦૦ ટકાથી ઉપર પહોંચાડવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. સંસ્થાકીય પ્રસુતિ ક્ષેત્રે ૯૮ ટકા સિદ્ધિ મેળવી છે. જેમાં ૧૦૦ ટકાથી વધુ લક્ષ્ય સિદ્ધિ માટે ખાસ જન અભિયાન હાથ ધરાશે. આવી જ રીતે પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજના અંતર્ગત ૯૦ ટકા સિદ્ધિ હાંસલ થઈ છે તેમાં પણ વધારો કરવા કામગીરી હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત ગુજરાતે અનુ:જાતિ પરિવારોને ક્ષેત્રે ૧૧૫ ટકા, વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ ચુકવવામાં ૧૦૮ ટકા સિદ્ધિ હાંસલ કરી છે.

# મેઘરજના ભડવચ ગામે ભારે હાલાકીથી ત્રાસ

મેઘરજ, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ભડવચ ગામની પ્રજાએ પંચાયતી રાજ અમલમાં આવ્યા પછી આજ દિન સુધી આ ગામ પ્રાથમિક સુવિધાઓથી વંચિત જોવા મળે છે. જેમાં ડારમનો પાકો રસ્તો આ ગામની પ્રજાએ ગામમાં જોયો જ નથી જે અનુસંધાને ગામના સરપંચ સવજીભાઈ ખાંટના જણાવ્યા મુજબ ભડવચ ગામ કસાણા ગૃપ ગ્રામ પંચાયતમાં આવેલ ગામ છે. આ ગામમાં ૧૦૦ કરતાં વધુ મકાનો આવેલ છે અને ૧૦૦૦ કરતાં વધુ માણસોની વસ્તી ધરાવતું આ ગામ છે. આ ગામમાં પૌરાણિક શીવજીનું મંદિર પણ આવેલ છે અને આ મંદિરે મેઘરજના અને આજુબાજુના ઘણા બધા શ્રદ્ધાળુઓ શ્રાવણમાસ અને શિવરાત્રી દરમ્યાન દૂર દૂરથી આ મંદિરે દર્શનાર્થે આવતા હોય છે અને આ બિસ્માર હાલતના રસ્તાને લીધે તેમને પણ ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. અને અકસ્માત થવાનો ભય રહે છે. તેથી નવાગામથી ભડવચ જતો ૩ કિમી રોડ વર્ષોથી કાચો હોવાથી ચોમાસા દરમ્યાન ગામની મહિલાઓ અને વૃદ્ધોને બિમારી વખતે દવાખાને લઈ જવા હોય તો વાહન પણ આ રસ્તા પર જઈ શકતુ નથી.

આ ગામમાં શાળા અને આંગણવાડીની સુવિધા છે પણ શાળામાં જવા માટે શિક્ષકો અને બાળકોને સ્કૂલે જવા આવવામાં કાચા રસ્તાને લીધે ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ રસ્તો ડામર રોડ બનાવવા પી.ડબલ્યુ.ડી. મેઘરજને પણ વારંવાર સરપંચ દ્વારા આ રસ્તા અંગે રજુઆત કરવા છતાં પણ હજુ સુધી આ રસ્તો તેની તે જ સ્થિતિમાં છે જેથી આ રસ્તો ઝડપથી નવો બનાવવામાં આવે તેવી ગ્રામજનોની ઉગ્ર માંગ છે.

# ડાકોરમાંથી બાઈકની ચોરી કરતાં એક ઝડપાયો

ખેડા જિલ્લાના ડાકોર શહેરના કપડવંજ રોડ પર આવેલા એક ગેરેજની બાજુમાંથી રુા. ૨૫,૦૦૦ની બાઈકની ચોરી કરનાર ઈસમને ઝડપી પાડવામાં આવ્યો છે તેની સામે ડાકોર પોલીસે ચોરીનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# વાલીઓની મુખ્યમંત્રીને રજૂઆત...

● બીજા પાનાનું ચાલુ

સરળતા રહે, બાળકોને નીટ ની તૈયારી માટે સીબીએસઈનું ધો-૧૧ અને ૧૨નો બંન્ને વર્ષનો અભ્યાસક્રમ ભણવાનો થશે. અત્યારે હાલ બજારમાં સીબીએસઈને લગતું સાહિત્ય પણ સ્ટોકમાં નથી તેમજ ગુજરાત બોર્ડના અભ્યાસક્રમ મુજબ લગભગ ૨૫ ટકા જેટલો અઘરો અને અલગ છે જેને પરિણામે વિદ્યાર્થીઓ પણ દ્વિધામાં મુકાયેલા છે. ચોથા સેમેસ્ટરની પરિક્ષામાં વર્ણાત્મક પ્રશ્નો પુછવામાં આવે છે. તે પરિક્ષા આપવાની થશે કે કેમ, તે સહિતના મુદ્દાઓને લઈ વિદ્યાર્થીઓના વાલીઓએ મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી અને આરોગ્યમંત્રીને પણ લેખીત રજુઆત કરવામાં આવી છે.ત્યારે રાજય સરકાર ૬૦ ટકા અને ૪૦ ટકાના મેરીટ સીસ્ટમ જાળવી રાખીને બોર્ડના ૩જા સેમેસ્ટર વિદ્યાર્થીઓ માટે મેડીકલની બેઠકો હાલની જેમ જ ૮૫ ટકા અનામત રાખે તેવી માંગ પણ કરવામાં આવી છે. સાયન્સના ૩ જા સેમેસ્ટરના ગુજરાતના આશાસ્પદ વિદ્યાર્થીઓને થતા અન્યાય દુર કરવા રજુઆત કરી છે.

## પ્રોજેક્ટ્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રોજેક્ટો આગામી ત્રણ મહિનામાં શરૂ કરાશે. ગુજરાતમાં ૧૮ પ્રોજેક્ટો માટે ડિટેલ પ્રોજેક્ટ રિપોર્ટ (ડીપીઆર) ઉપર કામ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટો ૪૧૦૦૦ કરોડના છે. ગડકરીએ કહ્યું હતું કે, અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ વે પ્રોજેક્ટનો વિસ્તૃત પ્રોજેક્ટ રિપોર્ટ અંતિમ તબક્કામાં છે અને કામગીરી ટૂંક સમયમાં જ શરૂ કરાશે. બે વર્ષમાં ગુજરાતમાં માત્ર માર્ગ સેક્ટરમાં એક લાખ કરોડના કામ હાથ ધરાશે. કેન્દ્ર સરકાર જો જરૂર પડશે તો વધુ ૧૦થી ૧૫ હજાર કરોડ આપશે. ગડકરીએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારે સીઆરએફ ફંડ હેઠળ ૪૭૩ કરોડ મંજુર કર્યા છે. આગામી વર્ષમાં ગુજરાતમાં ૧૨૦૦ કિમીના રોડ બનાવવામાં આવશે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ આજે સોમનાથમાં સોમનાથ-ભાવનગરના ૨૫૬ કિમીના રાષ્ટ્રીય ધોરીમાર્ગના ચાર માર્ગીકરણ કાર્યનો મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં શિલાન્યાસ કરાવતા ગુજરાતમાં આગામી બે વર્ષમાં માર્ગો અને બંદરોના માળખાકીય વિકાસ માટે રૂપિયા ૨ લાખ કરોડ કેન્દ્ર સરકાર ફાળવશે તેવી જાહેરાત કરી હતી. તેમણે ગુજરાતના સાત માર્ગોને રાષ્ટ્રીય રાજમાર્ગ જાહેર કરવાનું કેન્દ્ર સરકાર સમક્ષ વિચારાધીન છે તેની વિગતો આપતા કહ્યું કે, માળિયા-દ્વારકા ઓખા રોડ રાજમાર્ગ ૨૯૦ કિમી, ભાવનગર-ધોલેરા-એસઆઈઆરથી ખંભાત સુધીનો ૨૦૦ કિમીનો માર્ગ, નારાયણ સરોવર-લખપત ૩૩ કિમી, રાધનપુર-શામળાજી વાયા વડનગર ૧૯૧ કિમી, એરૂ ચાર રસ્તાથી તિથલ ઉમરસાડી ૮૦ કિમી, અંકલેશ્વર-ઝઘડિયા-રાજપીપળા કેવડિયા કોલોની ૭૨ કિમી એણ કુલ ૬૭૫ કિમીના રાજ્યમાર્ગોને રાષ્ટ્રીય રાજમાર્ગમાં તબ્દીલ કરવાની વિગતો આપી હતી. તેમણે સોમનાથ-પોરબંદર દ્વારકાના ૨૧૦ કિમીના કોસ્ટલ હાઈવેને રૂપિયા ૩ હજાર કરોડના ખર્ચે ૧૫ ઓગસ્ટ-૨૦૧૬ સુધીમાં કાર્યારંભ કરાશે તેમ જણાવ્યું હતું. અમદાવાદ-ધોલેરા-એસઆઈઆર માર્ગને સિક્સલેન કરવાની તથા દ્વારકા-બેટ દ્વારકા વચ્ચે રૂપિયા ૪૯૦ કરોડના ખર્ચે પુલ બાંધવાની તેમણે જાહેરાત કરી હતી.

## આતંકવાદી કેમ્પ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રધાનને પણ જગ્યા આપવામાં આવી છે. કેનેડા સરકારને મોકલી દેવામાં આવેલા એલર્ટમાં કહેવામાં આવ્યુ છે કે બ્રિટીશ કોલંબિયાની મિશન સિટીમાં ખાલિસ્તાન સમર્થક આતંકવાદીઓ તરફથી કેમ્પ ચાલી રહ્યા છે. પંજાબમાં મોટા પાયે હુમલા કરવાની યોજના દેખાઈ રહી છે. પંજાબ ઈન્ટેલિજન્સ યુનિટ તરફથી તૈયાર કરવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે કેનેડામાં રહેતા સિખ હરદીપ નિજ્જરે ખાલિસ્તાન ટેરર ફોર્સના ઓપરેસન હેડની જવાબદારી સંભાળી લીધી છે. આ એક મોડ્યુલની રચના કરી ચુક્યો છે. જેમાં યુવાનોને સામેલ કરવામાં આવી રહ્યા છે. તેમને પંજાબમાં હુમલા કરવા માટે ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. પંજાબ સરકારે પહેલાથી જ નિજ્જરની સામે પ્રત્યાર્પણ સાથે સંબંધિત અહેવાલ વિદેશ મંત્રાલયને સોંપીને તેને ભારત લાવવા માટેની રજૂઆત કરી દીધી છે. પંજાબ સરકારની રિપોર્ટ-૨માં બીજી જાન્યુઆરીના દિવસે પઠાણકોટ પર થયેલા ત્રાસવાદી હુમલાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમા કહેવામાં આવ્યુ છે કે નિજ્જરે પાકિસ્તાન પાસેથી હથિયારોની વ્યવસ્થા કરી રાખી હતી. પરંતુ પઠાણકોટમાં ત્રાસવાદી હુમલો થયા બાદ બોર્ડર અને પંજાબમાં હાઈ એલર્ટના કારણે તે કોઈ બાબતને અંજામ આપી શક્યો ન હતો.

## પોરા મળી આવ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમાવેશ થતાં જ તંત્રએ પ્રિ. મોન્સુન એક્ટીવીટીનો આરંભ કર્યો છે જેમાં અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ સ્થાનોએથી ડેન્ગ્યુના પોરા શોધવામાં સફળતા મળી છે.

તંત્રએ આજે સે. ૩, ૨૪, ૧૩ અને ૩૦ના ૧૭૦૦ જેટલા મકાનોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરી હતી. ગત સિઝનમાં આ સેક્ટરોમાંથી ડેન્ગ્યુના દર્દીઓ નોંધપાત્ર કહી શકાય તેટલી સંખ્યામાં મળી આવ્યા હતા.

ગાંધીનગર શહેરમાં મેલેરિયાના કેસોમાં ઘટાડો જોવા મળ્યો હતો પરંતુ ડેન્ગ્યુના કેસો ગત વર્ષે ૧૦૦થી પણ વધુ મળી આવ્યા હતા. તંત્રએ હાલ જુદી જુદી ટીમો બનાવી અને પ્રિ.મોન્સુન એક્ટીવીટી પેટે પોરાનાશક કામગીરી હાથ ધરી છે. જો કે આગામી દિવસોમાં કામગીરી વધુ સઘન બનાવવામાં આવશે. તંત્રએ શહેરની જુદી જુદી કન્સ્ટ્રક્શન સાઈટોના સંચાલકોને પણ મચ્છરોની ઉત્પત્તિના અટકાયતી પગલાં ભરવા માટે પત્ર લખીને જાણ કરી છે.

## એસ.ઓ.ને બઢતી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેટલા એસ ઓ ને બઢતી આપી વિવિધ ઠેકાણે નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ સોંપવામાં આવી છે. જયારે બઢતી પામેલા ૧૭ મદદનીશ ઈજનેરો પૈકી ૭ને બઢતીના અંતે પાટનગર યોજના ભવનમાં જ વિવિધ ડીવિઝનલ કચેરીમાં ફરજ સોંપવામાં આવી છે. પાટનગર યોજના ભવનમાં બઢતી મેળવનાર મદદનીશ ઈજનેરો પૈકી પેટા વિભાગ-૯ માં મદદનીશ ઈજનેર એસ એસ સોનીને ગુડામાં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે મુકવામાં આવ્યા છે. એમ કે પટેલને બઢતી આપી પેટા વિભાગ-૨૦ માં મુકવામાં આવ્યા છે. જયારે એચ બી શેઠને પેટા વિભાગ-૧૧ માંથી પેટા વિભાગ-૧૮ના નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે બઢતી આપવામાં આવી છે. પેટા વિભાગ ૧૮ માં ફરજ બજાવતા કે એસ શાહને બઢતીના અંતે ડીવિઝન કચેરી પેટા વિભાગ-૯માં ફરજ સોંપવામાં આવી છે. જયારે ડિવિઝન -૧ માં અમદાવાદથી બઢતીના આધારે એચ એ દલવાડીને ફરજ સોંપવામાં આવી છે. પેટા વિભાગ -૮ ના આર એસ પટેલને ત્યાંજ બઢતી આપી નાયબ કાર્યપાલક ઈજનેરની ખાલી જગ્યાએ મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત મદદનીશ ઈજનેર તરીકે વિવિધ પેટા વિભાગની કચેરીમાં ફરજ બજાવતા એલ પી કનોજિયા,એન સી ચોકસી,કે ડી પટેલ,એન વી ચૌધરી,એમ બી ભટ્ટને પણ વિવિધ પેટા વિભાગની કચેરીમાં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે બઢતી આપવામાં આવી છે. પેટા વિભાગ -૩ માં ફરજ બજાવતા જે યુ ગાંધીને માર્ગ મકાન વિભાગ સચિવાલયમાં બઢતીથી નાયબ કાર્યપાલક ઈજનેરની ફરજ સોંપવામાં આવી છે. એસ ઓ ની બઢતીના આદેશના અંતે પાટનગર યાજના વિભાગમાં લાંબા સમયથી ખાલી રહેલી નાયબ કાર્યપાલક ઈજનેરોની જગ્યા ભરાઈ છે. જો કે હજુ પણ ૪ જગ્યાઓ ખાલી છે. જયારે મદદનીશ ઈજનેરોની આમ પણ ઘટ હતી જેના પરિણામે બઢતી પ્રક્રીયાના અંતે ઘટની સંખ્યા વધી છે. માર્ગ મકાન વિભાગમાં મેન પાવરનો અભાવ હોવાનો કકળાટ પ્રવર્તયો છે. ત્યારે એસ ઓ ની ઘટનો પ્રશ્ન પણ મુખ્ય બન્યો છે. ત્યારે બદલી અને બઢતી પ્રક્રીયાના અંતે પણ હજુ ઘણી મહત્વની જગ્યાઓ ખાલી છે.

## ગુલમોર

● ૪ પાનાનું ચાલુ...

મા પોલીસ ફરિયાદ કરવાના બદલે થાકી-હારીને પોતાના વેચી નાખેલા મકાનના ઓટલે પાછી ફરે છે. મકાન ખરીદનાર વ્યક્તિ વૃદ્ધ વિધવાની દયા રાખીને તેના જ ઘરમાં એક રૂમ રહેવા આપે છે. પતિની સરકારી નોકરીના કારણે દર મહિને મળતા પેન્શનમાં વિધવા જીવનનિર્વાહ તો કરે છે. પરંતુ જ્યારે તેનું મકાન ખરીદનાર એમ કહે છે કે "માજી, તમે શા માટે આ મકાન છોડીને ક્યાંય જતા નથી?"

માએ કહ્યું કે "મારો દીકરો જો પાછો આવે તો એ બિચારો ઘર વિના ક્યાં રહેશે?" આ છે રાહ જોવાની પરાકાષ્ઠા. સામેની વ્યક્તિ ગમે તેવો વ્યવહાર કરે તો પણ સાચો પ્રેમ હંમેશા રાહ જુએ છે, પછી એ મા હોય કે પ્રિય વ્યક્તિ.

સ્ટોપર :

**"હૃદયના ભાવ, પાંખો કલ્પનાની લઈને આવ્યો છું,**
**સિતારાઓ, સુણો કથણી ધરાની લઈને આવ્યો છું."**

- 'ગની' દહીંવાલા

ટચૂકડી જાહેર ખબર
CNC પ્લાઝ્માં મશીન ઓપરેટર જોઈએ છે.
મીનીમમ છ મહિનાનો અનુભવ જરૂરી છે.
સંપર્ક
મો. ૯૯૭૪૭૬૫૪૮૪

# ૧૬ નાયબ પોલીસ અધિક્ષકની બદલી

| નાયબ પોલીસ અધીક્ષકનું નામ અને હોદ્દો | બદલીથી નિમણૂકની જગ્યા | રિમાર્કસ |
|---|---|---|
| **જયરાજસિંહ વી.વાળા** મદદનીશ પોલીસ કમિશનર, ડી.ડીવીઝન, અમદાવાદ શહેર | વિભાગીય પોલીસ અધિકારી સિધ્ધપુર, જિ.પાટણ | ખાલી જગ્યા |
| **બી સી દેસાઈ** વિભાગીય પોલીસ અધિકારી, લીમખેડા | મદદનીશ પોલીસ કમિશનર, ડી.ડીવીઝન, અમદાવાદ શહેર | જયરાજસિંહ વાળાની બદલીથી ખાલી પડતી જગ્યાએ |
| **એસ જી રાણા** મદદનીશ પોલીસ કમિશનર, જી-ડીવીઝન, વડોદરા શહેર | નાયબ પોલીસ અધીક્ષક, એસ સી એસ ટી સેલ, સુરત ગ્રામ્ય | ખાલી જગ્યાએ |
| **એ બી વાટલીયા** નાયબ પોલીસ અધીક્ષક, એસ સી એસ ટી સેલ, ગાંધીનગર | વિભાગીય પોલીસ અધિકારી, સુરત ગ્રામ્ય, સુરત | ખાલી જગ્યાએ |
| **વિજય જે પટેલ** વિભાગીય પોલીસ અધિકારી, કપડવંજ | વિભાગીય પોલીસ અધિકારી ગાંધીનગર | ખાલી જગ્યાએ |
| **યુવરાજસિંહ જે જાડેજા** મદદનીશ પોલીસ કમિશનર, એન-ડીવીઝન, અમદાવાદ શહેર | વિભાગીય પોલીસ અધિકારી કપડવંજ | વિજય પટેલની બદલીથી ખાલી પડતી જગ્યાએ |
| **કલ્પેશ એમ ચાવડા** મદદનીશ પોલીસ કમિશનર, રાજકોટ શહેર (પશ્ચિમ વિભાગ), રાજકોટ | મદદનીશ પોલીસ કમિશનર એન-ડીવીઝન, અમદાવાદ શહેર | યુવરાજસિંહ જાડેજાની બદલીથી ખાલી પડતી જગ્યાએ |
| **હર્ષદ બી મહેતા** વિભાગીય પોલીસ અધિકારી, દાહોદ | મદદનીશ પોલીસ કમિશનર રાજકોટ શહેર (પશ્ચિમ વિભાગ) રાજકોટ | કલ્પેશ ચાવડાની બદલીથી ખાલી પડતી જગ્યાએ |
| **એમ આર ગુપ્તા** વિભાગીય પોલીસ અધિકારી, પેટલાદ | વિભાગીય પોલીસ અધિકારી દાહોદ | હર્ષદ મહેતાની ખાલી પડતી જગ્યાએ |
| **જે એન દેસાઈ** વિભાગીય પોલીસ અધિકારી, | વિભાગીય પોલીસ અધિકારી, પેટલાદ | એમ આર ગુપ્તાની બદલીથી ખાલી પડતી જગ્યાએ |
| **ભરતસંગ એમ ટાંક** મદદનીશ પોલીસ કમિશનર, જે-ડીવીઝન, અમદાવાદ શહેર અમદાવાદ | નાયબ પોલીસ કમિશનર, સી આઈ ડી ક્રાઈમ, સાયબર ક્રાઈમ, ગાંધીનગર | ખાલી જગ્યાએ |
| **વી એમ જાડેજા** નાયબ પોલીસ અધીક્ષક, આર્થિક ગુન્હા નિવારણ શાખા, ગાંધીનગર | મદદનીશ પોલીસ કમિશનર, જે-ડીવીઝન, અમદાવાદ શહેર | ભરતસિંગ ટાંકની ખાલી પડતી જગ્યાએ |
| **રાજદીપ એન નકુમ** વિભાગીય પોલીસ, અધિકારી, વેરાવળ | નાયબ પોલીસ અધીક્ષક, મુખ્ય મંથક, ડાંગ, આહવા | ખાલી જગ્યાએ |
| **કે એન પટેલ** મદદનીશ પોલીસ કમિશનર, ક્રાઈમ, અમદાવાદ શહેર | વિભાગીય પોલીસ અધિકારી, વેરાવળ | આર એન નકુમની બદલીથી ખાલી પડતી જગ્યાએ |
| **રાહુલ પટેલ** મદદનીશ પોલીસ કમિશનર સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર | મદદનીશ પોલીસ કમિશનર, ક્રાઈમ, અમદાવાદ શહેર અમદાવાદ | કે એન પટેલની બદલીથી ખાલી પડતી જગ્યાએ |
| **રાજદીપસિંહ એન ઝાલા** વિભાગીય પોલીસ, અધિકારી, મોરબી | મદદનીશ પોલીસ કમિશનર, સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર, અમદાવાદ | રાહુલ પટેલની બદલીથી ખાલી પડતી જગ્યાએ |

# તમાકુ વ્યસન છોડાવવા માટે ગો-ટોબેક્સ પ્રોડક્ટ લોંચ થઈ

## આજે વર્લ્ડ તમાકુ વિરોધી દિવસની ઉજવણી : હેલ્થી ઈન્ડિયા-હેપી ઈન્ડિયાએ મુખ્ય ઉદ્દેશ્ય છે : તોગડિયા

અમદાવાદ,તા.૩૦

આવતીકાલે વર્લ્ડ એન્ટિ ટોબેકો દિવસની વિશ્વભરમાં ઉજવણી કરવામાં આવનાર છે તેની પૂર્વ સંધ્યાએ વિહિપના આંતરરાષ્ટ્રીય મહામંત્રી ડો.પ્રવિણ તોગડીયાએ કહ્યુ કે, હાલમાં દેશની જે પરિસ્થિતિ છે તેને જોતા લોકો સતત તણાવની વચ્ચે જીવન જીવે છે.ઉપરાંત દુનિયાભરમાં તમાકુનું કોઈપણ પ્રકારે સેવન કરવાથી ૬૦ લાખ લોકો મૃત્યુ પામે છે.

ભારતમાં હુના અહેવાલ પ્રમાણે ૨૩૬ બિલીયન ડોલર જેટલો ખર્ચ આરોગ્ય પાછળ ખર્ચ કરવામાં આવે છે. તેવા સમયે લોકોને તમાકુ,ધુમ્રપાનથી છોડાવવા માટે વિહિપ દ્વારા આયુર્વેદ,એલોપેથીનું મિશ્રણ કરીને ગો ટોબેકસ તૈયાર કરવામાં આવી છે.જેને લેવાથી તમાકુ કે સિગારેટનું વ્યસન છુટી જાય છે.

બે દિવસની મુલાકાતે આવેલા ડો.તોગડીયાએ અમદાવાદમાં પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે, વિહિપે છેલ્લા કેટલાક સમયથી ઈન્ડિયા હેલ્થલાઈનની તેની સેવાઓનો વ્યાપ વધાર્યો છે. જેમાં દેશભરના ૫૦,૦૦૦ જેટલા ડોકટરોને જોડવામાં આવ્યા છે. આ ડોકટરો દર્દીઓને તપાસી રહ્યા છે.

હેલ્થ એમ્બેસેડરો દ્વારા બીપી અને હીમોગ્લોબીન તપાસી આપવામાં આવે છે. તેમણે કહ્યું, ભારતમાં હાલ તમાકુના સેવન અને સિગારેટ કે બીડીનો ધુમાડો શ્વાસમાં જવાથી લોકો કેન્સરથી મરી રહ્યા છે.

હાલ દેશમાં ૪૦ કરોડ લોકો વિવિધ બીમારીઓથી ગ્રસ્ત છે.તેવા સમયે વિહિપ દ્વારા લોકોને સ્ટ્રેસમાંથી મુકત કરવા ખાનપાનને લગતી બાબત માટે, કસરત અને ખાસ કરીને વ્યસનથી મુકત કરવા માટે ખાસ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં ગો ટોબેકસ પણ તૈયાર કરવામાં આવી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ